સત્યમેવ જયતે

જા.નં.મકમ/પરિપત્ર/2017-18/૨૭૨૮
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા૨૫/05 /2017

---

## પરિપત્ર.

**વિષય-અધિકારી / કર્મચારીઓની રજા મંજૂરી બાબત**

ઉપરોકત વિષય અન્વયે વડી કચેરી,ગાંધીનગર ખાતે ફરજો બજાવતા સર્વે અધિકારી/કર્મચારીઓને જણાવવાનુ કે, અત્રેની કચેરીના તા-૧૫/૦૫/૧૪ના પરિપત્રથી અધિકારી / કર્મચારીઓને તેઓની હકકરજા મંજુર કરવા બાબતે યોગ્ય સુચના આપવામાં આવેલ હતી પરંતુ સદર પરિપત્રનો યોગ્ય રીતે અમલ થતો નથી તેવુ અત્રેના ધ્યાન પર આવેલ છે.

આ પરિપત્રથી અધિકારીશ્રી/કર્મચારીઓની રજા મંજૂરી બાબતે ધ્યાન દોરવામાં આવે છે કે વડીકચેરી,ગાંધીનગર ખાતે ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓ હકકરજા,મેડીકલ રજા,તથા અન્ય તમામ પ્રકારની રજા પર જતા પહેલા સંબધિત અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને રજા રિપોર્ટમાં નોધ કરાવીને,સાથી ઓનલાઇન કર્યા પછી જ નિયતનમુનાની અરજી મહેકમ શાખામાં મોકલી આપવાની રહેશે વધુમાં

1. અધિકારી / કર્મચારીઓ કોમ્યુટેડ રજા માટે પણ રજા રિપોર્ટ મોકલી આપે ત્યારે તેની સાથે મેડીકલ અનફીટ સર્ટિફિકેટ ફરજિયાત મોકલી આપવાનુ રહેશે અને ત્યાર બાદ ફરજ પર હાજર થાય ત્યારે ફિટનેશ સર્ટી સાથે હાજર રિપોર્ટ આપવાનો રહેશે.
2. કર્મચારીઓ હકક રજા પર જતા પહેલા નિયમોનુશાર સાત દિવસ પહેલા શાખાના વડાને જાણ કરીને નિયત નમુનામા રજાની અરજી મોકલી આપવાની રહેશે.
3. નિયમોનુશાર હકક રજાના કિસ્સામાં ઓછામાં ઓછી 7-દિનની અને વર્ષ દરમિયાન કુલ-3 વખત જ રજા મંજૂર કરી શકાશે

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે જો કોઇ અધિકારીશ્રી / કર્મચારી પરિપત્રનો અમલ યોગ્ય રીતે નહી કરે તો તેના પર શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવ છે જેની તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓ એ ખાસ નોધ લેવી.

**નિયામક**
**સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર**

પ્રતિ,
વડી કચેરીના ,તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે.
નકલ રવાના- 1-સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકરીશ્રી તમામને જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે
2-સર્વે અનુદાન મેળવતી સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી મારફતે જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે